૧૨ ફૂલછાબ રાજકોટ સોમવાર, તા. ૧-૯-૨૦૨૫

# ભાવનગર નાગરિક સહકારી બેંકની 71મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



ભાવનગર, તા.૩૧: ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.ની ૭૧મી વાર્ષિક સાધારણ સભા યશવતરાય નાટ્યગૃહ ખાતે યોજાઈ હતી. જેમા બહોળી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. સભાની શરૂઆત 'વંદે માતરમ' થી થઈ હતી. બાદમાં પહેલગામ ખાતે આતકવાદીના હુમલામાં મૃત્યુ પામેલા દેશના નાગરિકો તથા વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભાસદોને બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ભારતીય જનતા પાર્ટીમાં બે વર્ષના શાસનમા બેંકની સધ્ધરતા અને વિશ્વસનીયતામાં થયેલો વધારો જેમકે ડિપોઝિટમા ૨૨ કરોડ જેવો માતબર વધારો, લોનમાં પાચ કરોડ જેવો વધારો અને એન. પી. એ. મા ૫.૭૦ % જેવો માતબર ઘટાડો પહેલા કરતા પરચુરણ ખર્ચ, લીગલ ખર્ચ જેવા અન્ય ખર્ચાઓમાં ૫૦% જેવો ઘટાડો થયો છે. સભાસદોને આપેલા આકર્ષક ગીફ્ટ તેમજ ૧૦% જેવુ ડિવિડન્ડ જાહેર કરવામા આવ્યું છે. ભાવનગરની નામાંકિત ૨૦ જેટલી હોસ્પીટલો, લેબોરેટરી, મેડિકલ સ્ટોર સાથે ટાઈઅપ કરી સારવારમાં સભાસદો તથા તેમના પરિવારજનોને લાભમળી રહે તેવુ આયોજન કરાયુ છે, મૃત્યુ પામેલ સભાસદોને આર્થિક સહાય પૂરી પાડેલ, વર્ષ દરમિયાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન તેમજ બેંક દ્વારા હરીફાઈના યુગમા ગ્રાહકોને વધુમાં વધુ સારી સેવા પૂરી પાડી શકાય તે માટે જરૂરી ઉપકરણો અને સોફ્ટવેર અપગ્રેડ કરાવેલ છે. બેંકની ગંગાજળીયા શાખાને આધુનિક લુક આપી રિનોવેશન કરાવેલ છે. તેમજ સરદારનગર શાખાને કાળિયાબીડ વિસ્તારમાં ફેરવીને વધુ સુવિધાયુક્ત બનાવેલ છે.